૧૭૧૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૭ની તા.૧૫/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા ૨૪/૦૧/૧૭નાં રોજ " **ગર્લ ચાઈલ્ડ ડે**" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૮/૦૧/૧૭આંગણવાડીના કાર્યકરોનો સહયોગ લઈ વી.બી.ડી.સી વિભાગ દ્વારા ડ્રાય ડે (વાહક જન્ય રોગ નિયત્રંણ) એકટીવીટી કરવા માટે જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨૮/૦૧/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારના નાયબ આરોગ્ય અધિકારીશ્રી, એ.આઈ.ઓ.શ્રીઓના નિરીક્ષણ હેઠળ આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ., વી.બી.ડી.સી., આંગણવાડી કાર્યકરોની સંયુકત ટીમો બનાવી આંગણવાડી વિસ્તારોમાં મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18819 | 45928 | 199 | 8097 | 482 | 1275 | 75 | 35850 | 47 | 20183 | 7994 |

વધુમા પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી તેમજ રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

### –: પ્રેસનોટ :–

### મહાત્મા ગાંધી નિર્વાણદિન

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ મા.શ્રી જીતુભાઈ વાઘાણી, માન.સાંસદશ્રી સી.આર.પાટીલ, મા. ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશનરશ્રી એમ. થેન્નારસન, શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા ગાંધીપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દેશની આઝાદી માટે આખું જીવન સમર્પી દેનાર આ યુગપુરૂષની પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક સ્કૂલના બાળકોએ પણ ગાંધી પ્રતિમાના ચરણે પુષ્પો અર્પણ કર્યા હતા તેમજ સત્ય સાંઈ સેવા સમિતિએ મહાત્મા ગાંધીજીને પ્રિય એવા ભજનોની સુંદર રજુઆત કરી હતી.

૩૦મી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ શહીદ દિન નિમિત્તે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદો પ્રત્યે શ્રધ્ધા–સન્માનની ભાવના જાગૃત થાય, શહીદો પ્રત્યે દરેક વર્ગના લોકો સક્રિય સાથ સહકાર આપે તે માટે બે મિનિટનું મૌન પાળ્યું હતું.

સમાચાર યાદી નં. ૧૭૧૮
તા.૩૦/૦૧/૨૦૧૭
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



સુરત મહાનગરપાલિકાદ્વારા તા.૩૦/૦૧/૨૦૧૭ ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિને નિમિત્તે ચોક બજાર ખાતે પુજય મહાત્મા ગાંધીજીને શ્રધ્ધાસુમન અર્પણ કરી વંદના કરતા માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી, સાંસદશ્રી સી.આર.પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, અને મ્યુનિ.કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ.,તથા અન્ય પદાધિકારીશ્રીઓઉપસ્થિતમાન છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ" **ગર્લ ચાઈલ્ડ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૩૦/૦૧/૧૭ના રોજ શાળાઓ, આંગણવાડી વિસ્તારોમાં કિશોરીઓ અને સગર્ભાઓને આર્યન ફોલિક એસીડની ગોળીઓ ગળાવવાનો કાર્યક્રમ કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૩૦/૦૧/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ., અર્બન હેલ્થ સેન્ટરના કર્મચારીઓની સંયુકત ટીમો બનાવી શાળાઓ, આંગણવાડી વિસ્તારોમાં કિશોરીઓ અને સગર્ભાઓને આર્યન ફોલિક એસીડની ગોળીઓ ગળાવવાનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો તેમજ આરોગ્ય વિભાગની સંયુકત ટીમો દ્વારા કિશોરીઓને અને સગર્ભાઓને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ તથા સુકો અને ભીનો કચરાને અલગ અલગ ડસ્ટબીનમાં નાખવા માટેની સમજ આપવામાં આવી હતી.

| કાર્યક્રમમાં ભાગ લીધેલ | | |
|---|---|---|
| આંગણવાડી/શાળાઓની સંખ્યા | કિશોરીઓ/સગર્ભાઓની સંખ્યા | કર્મચારીની સંખ્યા |
| 55 | 572 | 90 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૭૨૦

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તક મેળાના સેમીનાર હોલ ખાતે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા.૨૭/૦૧/૨૦૧૭ના રોજ બપોરે વારલી પેઈન્ટીંગ સ્પર્ધા, સાંજે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલની શાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ, તા.૨૮/૦૧/૨૦૧૭ના રોજ બપોરે કુંડા પેઈન્ટીંગ સ્પર્ધા અને સાંજે દિવ્યાંગ બાળકો દ્વારા ઓરકેસ્ટ્રા કાર્યક્રમ તથા તા.૨૯/૦૧/૨૦૧૭ના રોજ બપોરે કેન્વાસ પેઈન્ટીંગ અને સાંજે 'સુર તાલના સથવારે' સત્યેન જગીવાલા ગ્રૃપ દ્વારા ગુજરાતી–હિન્દી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં કરવામાં આવેલ હતું. આ તમામ સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૫૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

| વારલી પેઈન્ટીંગ સ્પર્ધા | | | |
|---|---|---|---|
| માધ્યમિક વિભાગ | | | ખુલ્લો વિભાગ |
| વિજેતા ક્રમ | વિજેતાનું નામ | શાળાનું નામ | વિજેતાનું નામ |
| પ્રથમ | સ્મિત એમ. સુતરીયા | શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય | મીરા એન. કોરડાવાલા |
| દ્વિતીય | ત્વીષા એમ. પટેલ | શ્રીમતી વી.ડી.દેસાઈ(વાડીવાળા) સ્કુલ | પટેલ અનિલભાઈ ડી. |
| તૃતીય | શીલ્પા દિલવાલ | હિલ્સ હાઈસ્કુલ | રૂચિરા શુકલ જોખાકર |
| આશ્વાસન | ગૌરી હમીરભાઈ ઘોસીયા | સદભાવના વિદ્યાલય | ભીખુભાઈ મનુભાઈ રાઠોડ |
| | મોસમ યજ્ઞેશ દલાલ | જે.એચ.અંબાણી શાળા | કબીર શાહિના એમ. |
| | તમન્ના અગ્રવાલ | લેન્સર્સ આર્મી સ્કુલ | મીનલ જીતુભાઈ જાગાણી |
| | રાજવી પ્રશાંતભાઈ પટેલ | શારદાયતન સ્કુલ | |

| કુંડા પેઈન્ટીંગ સ્પર્ધા(ખુલ્લો વિભાગ) | | કેન્વાસ પેઈન્ટીંગ સ્પર્ધા(ખુલ્લો વિભાગ) |
|---|---|---|
| વિજેતા ક્રમ | શાળાનું નામ | વિજેતાનું નામ |
| પ્રથમ | મીનલ જીતુભાઈ જાગાણી | બડગુજર ગણેશ ડી. |
| દ્વિતીય | છાયા પંકજભાઈ સેલર | શશિદર્શની ડી.પાઠક |
| તૃતીય | કલ્પના કે. પરવટીયા | જયના આર. શાહ |
| આશ્વાસન | અંટાણા દીયા પ્રવિણભાઈ | ઋત્વી એચ. વિરડીયા |
| | ભાવના જીતેન્દ્રકુમાર શાહ | ભાવના જીતેન્દ્ર શાહ |
| | ભાવના રાજેશભાઈ લાડ | કંચનવાલા ધ્વિનભાઈ |
| | નીતા પી. પટેલ | સંજય એન.પટેલ |

ઉપરોકત તમામ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર તથા સ્મૃતિભેટ તથા આપવામાં આવી હતી તથા ઉપરોકત તમામ વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ અને ઉપસ્થિત અધિકારીશ્રીઓના હસ્તે ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ/કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શહેરીજનોએ મહત્તમ લાભ લીધો હતો.




સુરત મહાનગરપાલિકા દ્વારા વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ અને ફ્લાવર શો તથા શિલ્પગ્રામ મેળાના સેમીનાર હોલમાં તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ દરમ્યાન સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોજાયેલ સ્પર્ધાઓના વિજેતાને પુરસ્કૃત કરતા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ અને ગાર્ડન સમિતિ અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપરા દ્રશ્યમાન છે.




સુરત મહાનગરપાલિકા દ્વારા વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા, રાષ્ટ્રીય બાગાયત-હર્બલ અને ફલાવર શો તથા શિલ્પગ્રામ મેળાના સેમીનાર હોલમાં તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ દરમ્યાન ગાર્ડન વિભાગ દ્વારા યોજાયેલ સ્પર્ધાઓના વિજેતાને પુરસ્કૃત કરતા ગાર્ડન સમિતિ અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપરા અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ દ્રશ્યમાન છે.



સુરત મહાનગરપાલિકા દ્વારા વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ દરમ્યાન આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ અને ફલાવર શો તથા શિલ્પગ્રામ મેળાની મુલાકાત લેતા નગરજનો દ્રશ્યમાન છે.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ઝૂપડાઓ વૈકલ્પિક સ્થળે સ્થળાંતર કર્યાની વિગત :–</u>

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૩૦/૦૧/૨૦૧૭નાં રોજ વોર્ડ નં.૨,નોંધનં.૫૦૪૬ માં આવેલ રાવણતાડ, રૂસ્તમપુરા વિસ્તારમાં–ગોપીતળાવની પૂર્વ દિશામાં અડીને આવેલ ૫૦'ફુટના સંપાદન હેઠળની રસ્તાની જગ્યામાં આવેલ કાચા તથા પાકા ઝુપડાંઓ સ્થળ ઉપરથી વૈકલ્પિક આવાસોની ફાળવણી કરી દુર કરવામાં આવેલ છે.

સ્થળઉપરથી ૫૦'ફુટની રસ્તાની અસરમાં આવતા કુલ્લે ૧૬૭ ઝુપડાંઓનું સ્થળાંતર થતા સ્થળ ઉપર આશરે ૧૨૦૦૦ ચો.ફુટ વિસ્તારની જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. તથા જે ખુલ્લી જગ્યામાં ગોપીતળાવની પૂર્વ દિશાનાં પ્રવેશ માટે રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ઉપરોકત કામગીરી સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ વિભાગ, રસ્તા વિભાગ, દબાણ વિભાગ તથા સલાબતપુરા પોલીસ સ્ટેશનનાં સ્ટાફના સહકારથી પૂર્ણ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ" **ગર્લ ચાઈલ્ડ ડે**" થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૩૧/૦૧/૧૭ના રોજ આંગણવાડીના કાર્યકર દ્વારા ખુલ્લામાં કુદરતી હાજતે ન જવા માટે પપેટ શો/ટોક શો વિગેરેનું આયોજન કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૩૧/૦૧/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ.ના કર્મચારીઓની સંયુકત ટીમો બનાવી સોસાયટી, મોલ, આંગણવાડી, શાળામાં આંગણવાડીના કાર્યકર દ્વારા ખુલ્લામાં કુદરતી હાજતે ન જવા માટે પપેટ શો/ટોક શો વિગેરે કાર્યક્રમ કરવામાં આવેલ હતા તેમજ આરોગ્ય વિભાગ તથા આઈ.સી.ડી.એસ.ના કર્મચારીઓની સંયુકત ટીમો દ્વારા નાગરીકોઓને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ તથા સુકો અને ભીનો કચરાને અલગ અલગ ડસ્ટબીનમાં નાખવા માટેની સમજ આપવામાં આવી હતી.

| પપેટ/ટોક શો વિગેરેમાં ભાગ લીધેલની સંખ્યા | | | | |
|---|---|---|---|---|
| પપેટ/ટોક શો | આંગણવાડીના કાર્યકરો | સોસાયટી/મોલ/આંગણવાડી/ શાળા | નાગરીકો/વિધાર્થી | સુપરવાઈઝર |
| 14 | 42 | 36 | 326 | 12 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૭૨૩

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

### સાઉથ ઝોન(ઉધના)ધ્વારા બાકી મિલકત વેરાની મિલકતોને સીલ કરી વસૂલાત કરી

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ ખટોદરા–ઉધનારોડ–ઉધનાસંઘ વિસ્તારના બાકી મિલકતવેરા સંદર્ભે આકરણી અને વેરા વસૂલાત અધિકારીની  નિગરાણી હેઠળ વેરા વસૂલાતની ઝુંબેશ કરી બાકી વેરા સંદર્ભે કરદાતાઓની કુલ ૪૨ મિલકતોને સીલ કરવામાં આવેલ. અને સ્થળ ઉપર વસુલાત થતા કુલ ૩૬ મિલકતોને સીલ ખોલી આપવામાં આવેલ છે

ઉપરોકત કામગીરી દરમ્યાન સાઉથ ઝોન (ઉધના)માં આકારણી અને વેરા વસુલાત વિભાગની મિલકત વેરા પેટે રૂા.૪૮,૫૭,૦૦૦/– (અંકે રૂપિયા અડતાળીસ લાખ સત્તાવન હજાર પુરા) ની વસુલાત થયેલ છે.

આથી ઉધના વિસ્તારનાં તમામ મિલકતદારોને તાકીદ કરવામાં આવેલ છે કે તમારી મિલકતોનાં બાકીવેરા તાકીદે સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી દેશો.

**પ્રેસનોટ**
**ગાર્ડન ખાતુ**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકા પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી મહાનગરપાલિકા ખુલ્લા પ્લોટોમાં ડ્રેનેજ પંપીંગ સ્ટશનો, બાગબાગીચાઓ, હેલ્થ સેન્ટર, વોટર વર્કસ અને જાહેર મિલ્કતોમાં પણ મોટા પાયે વૃક્ષા રોપણની કામગીરી કરે છે. શહેરમાં ગ્રીન સ્પેસ તરીકે હાલમાં કુલ ૯૫ બાગો અને ૫૩ શાંતીવન / શાંતિકુંજ મળી કુલ ૧૪૪ બાગબગીચાઓનો વિકાસ કરેલ છે અને આજે તા.૦૧/૦૨/૧૭ ના રોજ જાહેર જનતા / શહેરીજનો માટે વધુ બાગબગીચા અને શાંતીવનની લોકાર્પણ વિધી મા.મેયરશ્રી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને મા.ડે. મેયરશ્રી શંકરભાઈ ચેવલી, મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મા. નેતાશ્રી શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રાના, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપરા (પ્રજાપતિ)ના વરદ્ હસ્તે મુખ્ય મહેમાનશ્રીઓની તેમજ વિસ્તાર નગરજનોની હાજરીમાં લોકાર્પણ વિધી કરવામાં આવેલ છે. સદર લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન સ્થાનીક નગરજનો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા.

**ઉદઘાટન કરેલ બાગોની વિગત : –**

| ઝોન | પ્રોજેક્ટનું નામ | વિસ્તાર ચો.મી. | સીવીલ કોસ્ટ | ઈલેક્ટ્રીકલ કોસ્ટ | હોર્ટીકલ્ચર કોસ્ટ | ટોટલ પ્રોજેક્ટ કોસ્ટ | બાગનું નામ | લોકેશન |
|---|---|---|---|---|---|---|---|---|
| રાંદેર | વેસ્ટ ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ), એફ. પી.નં.૯ ખાતે એકઝોરા ગાર્ડનના બાગબાની વિકાસ અને નિભાવ કામ. | ૫,૫૧૭ | ૪૧.૦૭ લાખ | ૭.૮૯ લાખ | ૪.૨૮ લાખ | ૫૩.૨૪ લાખ | એકઝોરા ગાર્ડન | નવી ઝોન ઓફિસની સામે, લેખીકપાર્ક સોસાયટી |
| | વેસ્ટ ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૯ (પાલનપુર ભેંસાણ), એફ.પી.નં.૧૬૫ અને ટી.પી.સ્કીમ નં.૮(પાલનપુર), એફ.પી.નં.૧૨૮ ખાતે પામ ગાર્ડનના બાગબાની વિકાસ અને નિભાવ કામ. | ૧૧,૮૦૫ | ૧૧૧.૦૪ લાખ | ૧૩.૭૮ લાખ | ૯.૨૧ લાખ | ૧૩૪.૦૩ લાખ | પામ ગાર્ડન | રાજહંસ એપલની પાછળ, પાલનપુર |
| | વેસ્ટ ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૪૬(જહાંગીરપુરા), એફ.પી.નં. ૯૩ ખાતે રોઝ ગાર્ડનના બાગબાની વિકાસ અને નિભાવ કામ. | ૧૦,૦૦૫ | ૧૦૧.૭૨ લાખ | ૯.૩૪ લાખ | ૭.૭૨ લાખ | ૧૧૮.૭૮ લાખ | રોઝ ગાર્ડન | આશિષ સોસાયટી, કુરૂક્ષેત્રની સામે, પ્રયાસ ફાર્મ નજીક, જહાંગીરપુરા, |

**<u>બાગમાં ઉપલબ્ધ સુવિધાઓની વિગત : –</u>**

ગઝેબો , વોક વે, પાણીની પરબ, ટોયલેટ બ્લોક, ચિલ્ડ્રન પ્લે એરીયા, જીમ કસરતના સાધનો, લોન પ્લોટ, ફ્લાવર બેડ, બેસવા માટેના બાકડા / બેન્ચીસ, લાઈટીંગ વિગેરે

આજ રીતે સુરત મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે બહુજન હિતાય પર્યાવરણની જાળવણીના હેતુથી આગામી દિવસોમાં પણ જાહેર જનતાની સેવામાં નિયમિત રીતે વધુ બાગો / શાંતિવન / શાંતિકુંજના લોકાર્પણ કરવામાં આવશે.

1724

**૧૭૨૫**

# **પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

**સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર)ના જહાંગીરપુરા વિસ્તારમાં આજ રોજ તા.૩૧/૦૧/૨૦૧૭ ની ડિમોલિશનની કામગીરી**

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪૬(જહાંગીરપુરા), એફ.પી.નં.૫૪, આશારામ આશ્રમ રોડ, જહાંગીરપુરા જતા રસ્તા ઉપર આવેલ ફા.પ્લોટ નં.૯૩ના સુરત મહાનગર પાલિકાના ગાર્ડનના રીઝર્વેશનના પ્લોટની કમ્પાઉન્ડ વોલને લાગુ પાછળના ૩.૦૦ મી. ના માર્જીનમાં ૬ બંગલાઓનું ગેરકાયદેસરનું રહેણાંક હેતુનું બાંધકામ કરતા હોવાનું આજરોજ સ્થળ તપાસ કરતા ધ્યાને આવતા અત્રેથી આજે તારીખ–૩૧/૦૧/૨૦૧૭ ના રોજ સદર ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરીમાં શરૂ કરવામાં આવેલ અને આશરે ૧૫૦૦.૦૦ ચો.ફૂટ જેટલું આર.સી.સી. કોલમ, બીમ, સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે. આ કામગીરી અંતર્ગત મિલ્કતદાર પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/– ડિમોલેશન / વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 1725
તા.૩૧/૦૧/૨૦૧૭

૧૭૨૬

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૧/૦૨/૨૦૧૭ના રોજ શહેરી વિસ્તારમાં શહેરીજનોને માસ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળી રહે તે માટે સિટી બસના નવા રૂટનો શુભારંભ તેમજ રાંદેર ઝોન વિસ્તારમાં રૂા.૩૦૬.૦૫ લાખના ખર્ચે એકઝોરા ગાર્ડન,પામ ગાર્ડન અને રોઝ ગાર્ડનની લોકાર્પણવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ સ્થાને તથા ઉદ્‌ઘાટક માન.અધ્યક્ષા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા અને માન.અધ્યક્ષશ્રી જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ શ્રી અનિલભાઈ ગોપલાણીના વરદહસ્તે કરવામાં આવેલ

વરાછાઝોન વિસ્તારમાં માન.અધ્યક્ષશ્રી જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ શ્રી અનિલભાઈ ગોપલાણીના વરદહસ્તે વરાછા ચોપાટીથી પરવત પાટીયા સિટી બસનું પ્રસ્થાન (યોગીચોક–પુણાગામ–સીમાડા) ,રચના સોસાયટી (હીરાબાગ) થી ગોપીતળાવ સિટી બસનું પ્રસ્થાન (હીરાબાગ રચના સોસાયટી–લંબે હનુમાન રોડ–રેલ્વે સ્ટેશન–ભાગળ–કોટસફીલ રોડ) તથા પુણાગામ થી મીલેનીયમ માર્કેટ સિટી બસનું પ્રસ્થાન (પરવત પાટીયા–સહારા દરવાજા) કરાવવામાં આવેલ.

કતારગામ ઝોન વિસ્તારમાં માન.અધ્યક્ષશ્રી જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ શ્રી અનિલભાઈ ગોપલાણીના વરદહસ્તે ગજેરા સર્કલ (કતારગામ) થી ચોક સિટી બસનું પ્રસ્થાન(કતારગામ દરવાજા–વરીયાવી બજાર–મુગલીસરા)માન સરોવર સર્કલ (અમરોલી) થી પરવત પાટીયા બસનું પ્રસ્થાન (અમરોલી બ્રીજ–ગજેરા સર્કલ–અશ્વિનીકુમાર રોડ–સુમુલ ડેરી રોડ–રેલ્વે સ્ટેશન–બોમ્બે માર્કેટ) કરાવવામાં આવેલ.

રાંદેર ઝોન વિસ્તારમાં માન.અધ્યક્ષશ્રી જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ શ્રી અનિલભાઈ ગોપલાણીના વરદહસ્તે સુરત રેલ્વે સ્ટેશન થી સુરત રેલ્વે સ્ટેશન (લૂપ) સિટી બસનું પ્રસ્થાન(દિલ્હીગેટ–ટેક્ષટાઈલ માર્કેટ–રીંગરોડ–ઉધના દરવાજા–ખરવરનગર બી.આર.ટી.એસ. મજુરાગેટ– અઠવાગેટ– ગુજરાત ગેસ સર્કલ–અડાજણ G.S.R.T.C. –ચોક– ભાગળ– સિનેમા રોડ) કરાવવામાં આવેલ.

અઠવા ઝોન વિસ્તારમાં માન.અધ્યક્ષશ્રી જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ શ્રી અનિલભાઈ ગોપલાણીના વરદહસ્તે ડુમસ થી ચોક સિટી બસનું પ્રસ્થાન (મોટી બજાર– સુલતાનાબાદ– ડુમસ લંગર–ભીમપોર–ગવીયર–ઓ.એન.જી.સી. ચાર રસ્તા મગદલ્લા ગામ–પીપલોદ–પારલે પોઈન્ટ–અઠવાગેટ–ડચ ગાર્ડન) કરાવવામાં આવેલ.

રાંદેર ઝોન વિસ્તારમાં રોઝ ગાર્ડનનું લોકાર્પણ માન.અધ્યક્ષા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરાના વરદ્‌હસ્તે કરવામાં આવેલ આ ગાર્ડનનો વિસ્તાર ૧૦,૦૦૫.૦૦ ચો.મી. છે.આ ગાર્ડન કુલ ૧૧૮.૭૮ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આ ગાર્ડનના નિર્માણથી આસપાસના વિસ્તારના સ્થાનીક પ્રજાજનોના,બાળકોના આનંદ પ્રમોદ માટે સીનીયર સીટીઝનોના વિરામ માટે તેમજ પર્યાવરણની જાળવણી માટે ઉપયોગી બનશે.આ ગાર્ડનમાં

ગજેબો,વોક–વે,પાણીની પરબ,જીમ કસરતના સાધનો,લોન પ્લોટ,લાઈટીંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

રાંદેર ઝોન વિસ્તારમાં એકઝોરા ગાર્ડનની લોકાર્પણ માન.અધ્યક્ષા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરાના વરદ્‌હસ્તે કરવામાં આવેલ આ ગાર્ડનનો વિસ્તાર ૫,૫૧૭.૦૦ ચો.મી. છે.આ ગાર્ડન કુલ ૫૩.૨૪ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આ ગાર્ડનના નિર્માણથી આસપાસના વિસ્તારના સ્થાનીક પ્રજાજનોના,બાળકોના આનંદ પ્રમોદ માટે સીનીયર સીટીઝનોના વિરામ માટે તેમજ પર્યાવરણની જાળવણી માટે ઉપયોગી બનશે.આ ગાર્ડનમાં ગજેબો,વોક–વે,પાણીની પરબ,લોન પ્લોટ,લાઈટીંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

રાંદેર ઝોન વિસ્તારમાં પામ ગાર્ડનનું લોકાર્પણ માન.અધ્યક્ષા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરાના વરદ્‌હસ્તે કરવામાં આવેલ આ ગાર્ડનનો વિસ્તાર ૧૧,૮૦૫.૦૦ ચો.મી. છે.આ ગાર્ડન કુલ ૧૩૪.૦૩ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આ ગાર્ડનના નિર્માણથી આસપાસના વિસ્તારના સ્થાનીક પ્રજાજનોના,બાળકોના આનંદ પ્રમોદ માટે સીનીયર સીટીઝનોના વિરામ માટે તેમજ પર્યાવરણની જાળવણી માટે ઉપયોગી બનશે.આ ગાર્ડનમાં ગજેબો,વોક–વે,પાણીની પરબ,લોન પ્લોટ,ફ્લાવર બેડ,લાઈટીંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.નેતા શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.ડે.મ્યુ.કમિશનર(ડેપ્યુટેશન) શ્રી એમ. નાગરાજન,માન.અધ્યક્ષ, આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, મા.અધ્યક્ષાશ્રી સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ શ્રીમતી રમીલાબેન પટેલ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીઓ ,કર્મચારીઓ ,પ્રેસ, મીડીયા તથા ખુબ મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


સુરત મહાનગરપાલિકા









૧૭૨૭

# <u>પ્રેસનોટ</u>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં પરીણામલક્ષી બનતી મિલ્કત વેરા વસુલાત ઝુંબેશ.

## જાન્યુઆરી માસનાં છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન રૂા.૮૦ લાખ જેટલી વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) દ્વારા વેરા વસુલાતની ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવવામાં આવેલ છે. મિલ્કત વેરો ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓનો વ્યકિતગત સંપર્ક કરી વેરો ભરપાઈ કરવા બાબતે સમજ આપી વેરા ભરપાઈ કરવાના ફાયદા જણાવી કરદાતાઓને જાગૃત કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે.

જાન્યુઆરી માસનાં છેલ્લા સપ્તાહમાં તા.૨૭/૦૧/૨૦૧૭ અને તા.૩૦/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૦૧/૨૦૧૭ સુધીમાં વોર્ડ નં.૪૧એ થી ઈ નો વિસ્તાર જેવા કે સર્વોદય માર્કેટ, રાઠી માર્કેટ, ૪૫૧ માર્કેટ, દાદુ માર્કેટ, સિધ્ધિ વિનાયક માર્કેટ, શિવ કૃપા માર્કેટ, અનમોલ માર્કેટ, રઘુકુલ માર્કેટ, મહાવીર નગર ઈન્ડસ્ટ્રીઝ, સત્યમ ઈન્ડસ્ટ્રીઝ, અરીહંત માર્કેટ, જે.જે.માર્કેટ, હિરામોતી માર્કેટ, કૃણાલ ઈન્ડસ્ટ્રીઝ, ભાઠેના–૧ અને ૨ ઈન્ડસ્ટ્રીઝ, ગોળવાલા માર્કેટ, મહાવીર માર્કેટ, મિલેનીયમ માર્કેટ, સુરત ટેક્ષટાઈલ માર્કેટ, જય નારાયણ ઈન્ડસ્ટ્રીઝ વિગેરે વિવિધ માર્કેટ/ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં કુલ–૧૫ ટીમ બનાવી રૂા.૮૦,૦૦,૦૦૦/– ની વેરા વસુલાત કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરીના ભાગરૂપે ઓપન પ્લોટ પર જાહેર ચેતવણીના બોર્ડ લગાડવાની કામગીરી ચાલુ છે. જેને સારો પ્રતિસાદ મળેલ છે. વેરા વસુલાત ઝુંબેશના ભાગરૂપે આકરા પગલાં ભરવાની શરૂઆત કરવામાં આવનાર છે. જેમાં નળ કનેકશન કાપવાની, મિલ્કતોને સીલ મારવાની કામગીરી તથા જાહેર હરાજી કરવા સુધીની કામગીરી કરવામાં આવનાર છે. આથી તમામ કરદાતાઓને આકરા પગલાંથી બચી સમયસર બાકી મિલ્કત વેરો ભરી સુરત શહેરના વિકાસમાં સહભાગી થવા અપીલ કરવામાં આવે છે.

૧૭૨૮ પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા માશ ટ્રાન્સપોર્ટેશન સેવાના ભાગરૂપે બી.આર.ટી.એસ. બસ અને સીટી બસ સેવાની શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં બી.આર.ટી.એસ. અંતર્ગત કુલ ૮ કોરિડોરનો સમાવેશ થાય છેજેમાં કુલ ૧૦૬ બી.આર.ટી.એસ. બસ દોડાવવામાં આવી રહેલ છે. ટૂંક સમયમાં બી.આર.ટી.એસ.ના તમામ રૂટોની શરૂઆત સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે જેમાં કુલ ૧૦૨ કી.મી. જેટલો શહેરી વિસ્તારનો સમાવેશ થાય છે. હાલમાં બી.આર.ટી.એસ. ના કુલ ૮ કોરિડોરમાં સરેરાશ ૫૫,૬૦૩ જેટલા મુસાફરો બી.આર.ટી.એસ. બસની સુવિધાનો લાભ લઇ રહ્યા છે.

જાહેર પરિવહનસેવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૫-૧૧-૨૦૧૬ થી સુરત સીટીબસ સેવાનો પ્રારંભ કર્યો હતો જેમાં કુલ ૪ રૂટોની શરૂઆત કરવામાં આવેલ ત્યારબાદ તબક્કાવાર વધુ ૩ રૂટની શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં કુલ ૫૫ સીટીબસ હાલમાં દોડાવવામાં આવી રહેલ છે. ઉલ્લેખનીય બાબત એ છે કે માત્ર ૨ માસના ટુંકા સમયગાળા દરમ્યાન શહેરીજનો તરફથી સીટીબસ સેવાને ખુબ જ સારો પ્રતિસાદ સાંપડ્યો છે. જેમાં ડિસેમ્બર'૨૦૧૬ દરમ્યાન કુલ ૧,૯૯,૭૩૩ પેસેન્જરો તેમજ જાન્યુઆરી'૨૦૧૭ દરમ્યાન કુલ ૨,૭૩,૬૧૬ જેટલા પેસેન્જરોએ સીટીબસ સેવાનો લાભ લીધેલ છે. આમ માત્ર બે માસના સમયગાળા દરમ્યાન કુલ ૪,૭૩,૩૪૯ જેટલા મુસાફરોએ સીટીબસ સેવાનો લાભ લીધેલ છે.

તા. ૦૧ ફેબ્રુઆરી, ૨૦૧૭ થી સુરત સીટી બસના વધુ ૭રૂટની મા. મેયરશ્રીના વરદ્ હસ્તે શરૂઆત કરવામાં આવેલ છે જેમાં (૧) સુરત રેલ્વે સ્ટેશન થી અડાજણ જી.એસ.આર.ટી.સી. – લુપ (૨) ચોક થી કતારગામ(ગજેરા સર્કલ) (૩) ચોક થી ડુમ્મસ(કાદિફળીયા) (૪) સરથાણા નેચર પાર્ક થી પર્વત પાટીયા (૫) કાપોદરા થી ગોપીતળાવ (૬) પર્વત પાટિયા થી માનસરોવર(અમરોલી) અને (૭) પર્વત પાટિયા, મિલેનિયમ માર્કેટ, પુણા ગામ લૂપ સુધીના વિસ્તારને આવરી લેવામાં આવેલ છે. જેમાં કુલ ૫૨ સીટી બસો ફાળવવામાં આવેલ છે.

સીટીબસ સેવાના પ્રથમ સાત રૂટોને મળેલા પ્રતિસાદને ધ્યાને રાખી તા. ૦૧-૦૨-૨૦૧૭ થી શરૂ કરવામાં આવેલા તમામ સાત રૂટો ઉપર તા. ૦૭-૦૨-૨૦૧૭ સુધી ફ્રીમાં મુસાફરી અંગેની વ્યવસ્થા સુરત મહાનગરપાલિકા દ્વારા રાખવામાં આવેલ છે જેથી કરીને તે વિસ્તારમાં વસવાટ કરતા શહેરીજનો સુરત સીટી બસ સેવાથી માહિતગાર થાય.

આમ, સુરત મહાનગરપાલિકાએ શહેરીજનોને પબ્લિક ટ્રાન્શપોર્ટની સુવિધા પુરી પાડવા અંગે જે આયોજન કરેલ છે, તે દિશામાં સુરત મહાનગરપાલિકા આગળ વધી રહેલ છે. શહેરના દરેક નાગરિકને સુરત સીટી બસ તેમજ બી.આર.ટી.એસ. બસની સેવાનો મહત્તમ લાભ લેવા તેમજ શહેરના માશ ટ્રાન્સપોર્ટેશન સેવાને સફળ બનાવવામાં સહભાગી થવા વિનંતિ કરવામાં આવે છે.

૧૭૨૯

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૨/૧૭ થી તા.૧૫/૦૨/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૦૧/૧૭ તથા તા.૧૧/૦૨/૧૭નાં રોજ **" છીંક ડે "** તથા **" કેન્સર ડે "** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૨/૧૭ના રોજ દરેક મ્યુ/પ્રાઈવેટ હોસ્પિટલ જેવી કે સ્મીમેર, સીવીલ, અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ, નર્સીંગ હોમની સફાઈ ઝુંબેશ કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૧/૦૨/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં આરોગ્ય વિભાગ દ્વારા સામુહીક સફાઈ અભિયાનનું આયોજન કર્યા બાદ મ્યુ/પ્રાઈવેટ હોસ્પિટલો, મેટરનીટી હોમ નર્સીંગ હોમમાં બનાવેલ સંયુકત ટીમો દ્વારા સફાઈ કામગીરી કરાવી સ્વચ્છ પાણીથી ધોવરાવી જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| હોસ્પિટલ/હેલ્થસેન્ટર/ નર્સીંગ હોમની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | નિકાલકરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવા/ પાઉડર(કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| 70 | 49 | 152 | 1.161 | 370 |

વધુમાં ભાગ લીધેલ તમામ સ્ટાફ અને નગરજનોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૭૩૦

# પ્રેસનોટ

## "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૦૪/૦૨/'૧૭ ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન **વોર્ડ.નં.-૧૮-(આંજણા-ખટોદરા)**, ઉમિયામાતા મંદિર, ભાઠેના ઇન્ડસ્ટ્રીયલ સોસા., ૮૦ ફૂટ રોડ, નવા પુલ પાસે, કિન્નરી સિનેમા સામે, ઉમિયામાતા રોડ, રિંગરોડ, **સુરત ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૧૭૩૧

## –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૦૨/૦૨/૨૦૧૭ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૦૧(ઉધના–મજુરા),રે.સ.નં.૨૧ +૨૬ પૈકી, ફા.પ્લોટ નં.૧૨૫, હીરાચંદ ઈન્ડસ્ટ્રીઝના પ્લોટ નં. ૧૧,૧૨ માં માર્જીનના ભાગમાં આશરે ૨૭૫ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબ,બીમ,ચણતરની દિવાલ સહિતનાં બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે. અને વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

૧૭૩૨

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૨.૦૨.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૫** ફાઈલના **રૂા.૦.૧૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૫ લોકેશન (ખાડા) ૩૭૬.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૫.૨૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૪** લોકેશન (ખાડા) **૧૨૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–**૦૮** લોકેશન, **૧૭૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** સાઉથ ઝોન (ઉધના) માં પીળી માટી રોડ પાસેથી દબાણ દુર કરવામાં આવેલ.તથા **રૂા.૫,૫૫૦/**– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ., સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૦૧(ઉધના–મજુરા),રે.સ.નં.૨૧ +૨૬ પૈકી, ફા.પ્લોટ નં.૧૨૫, હીરાચંદ ઈન્ડસ્ટ્રીઝના પ્લોટ નં. ૧૧,૧૨ માં માર્જીનના ભાગમાં આશરે **૨૭૫** ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબ,બીમ,ચણતરની દિવાલ સહિતનાં બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે. અને વહીવટી ચાર્જ પેટે **રૂા.૩૦,૦૦૦/**– વસુલ લેવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩**, પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **વ્યવસાય વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૩.૯૨** લાખ થયેલ છે., **૦૧** EC તથા **૧૩** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૦૩૦/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૪૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**.,** **૧૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૮૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૬** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૩૨.૧૦૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૩,૧૦૦/**– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૭૯૭૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૧૭૮૧૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૩૩** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૩૨૨** કરવામાં આવેલ છે. જયારે **૧૫** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૭૩૩

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૭/૦૧/૨૦૧૭ થી તા.૦૨/૦૨/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૭,૯૭૮/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૭,૧૪૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૦૪.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૪૩.૦૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૧૧૪ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૭૬,૯૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૮ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૪,૯૫૫ અને ૫,૨૬૬ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૯૧,૫૮૦/– અને રૂા.૧,૯૯,૭૭૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૯૧,૩૫૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૩/૦૨/ ૨૦૧૭

## પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ નાના વરાછા–કપાદ્રામાં ડિમોલીશનની કામગીરી

ટી.પી.સ્કીમ નં.૨૦(નાના વરાછા–કપાદ્રા), ફા.પ્લોટ નં. ૨૪ પૈકીમાં આવેલ જીવનધારા સોસાયટીના સબ પ્લોટ નં.૭૫ વાળી મિલકતમાં ભોંયતળિયાના ભાગે મંજુર પ્લાન વિરૂધ્ધ આશરે ૩૧.૦૦ × ૪૪.૦૦ ચો.ફુટ એટલે કે ૧૩૬૪.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં કોમર્શીયલ હેતુ માટે સ્ટીલ ફેબ્રીકેશનનો શેડ તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ કરી નાંખેલ હતું. જે આજરોજ ડિમોલીશ કરી, ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલવામાં આવ્યા.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ મારફત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.....1734..........
તા.૦૩/૦૨/૨૦૧૭

૧૭૩૫

# —:: પ્રેસનોટ ::—

તા.૦૩–૦૨–૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્યવિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાનાવિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાનાવિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ.જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાનાવિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૨૭ | ૧૦ | ૮૨ | ૨૦૦૦ |
| વરાછા | ૬૩ | ૩૪ | ૧૮૩ | ૫૪૦૦ |
| રાંદેર | ૩૮ | ૨૩ | ૪૪ | ૪૬૦૦ |
| કતારગામ | ૪૭ | ૩૪ | ૬૨ | ૬૮૦૦ |
| ઉધના | ૪૮ | ૩૭ | ૧૫૩ | ૭૩૦૦ |
| લિંબાયત | ૫૦ | ૨૦ | ૧૨૬ | ૪૦૦૦ |
| અઠવા | ૪૫ | ૩૭ | ૧૫૩ | ૭૩૦૦ |
| કુલ | ૩૧૮ | ૧૯૫ | ૮૦૩ | ૩૭૪૦૦ |

૧૭૩૬

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૪/૦૨/ ૨૦૧૭

## પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ અલગ અલગ વિસ્તારમાંથી દબાણ હટાવ ઝુંબેશ બાબત.

તા.૦૩/૦૪/૨૦૧૭ ના રોજ પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ બરોડા પ્રિસ્ટેજ, ખોડીયારનગર, સરદાર ચોક(માનગઢ ચોક), સવાણી કોહીનુર રોડ, ઉમિયા ચોક થઈ સરસ્વતી સર્કલ સુધી તેમજ વસંતભીખાની વાડી વિગેરે ટ્રાફીકને અડચણરૂપ રસ્તાઓ પરથી વરાછા પોલીસ સ્ટેશના સ્ટાફ સાથે સંયુકત દબાણ ઝુંબેશ હાથ ધરી, વિવિધ માર્ગો પરથી આશરે ૧૪૩ જેટલા લારી–ગલ્લાં, પાથરણા,કેબીન/કાઉન્ટર વિગેરે સામાન દબાણ ખાતા મારફત જપ્ત કરવામાં આવેલ. ટ્રાફીકમાં અડચણરૂપ થાય તે રીતે ધંધો કરતા ૪૯ ઈસમોની પોલીસ સ્ટાફ ધ્વારા ઘરપકડ કરવામાં આવેલ, કુલ ૫(પાંચ) વાહનો ડિટેઈન કરવામાં આવેલ, બે વાહનો સામે જાહેરનામાના ભંગ બદલ કેસ કરવામાં આવ્યા તેમજ ૧૬૭ વાહનો ટોઈન કરેલા તથા ૨૩ વાહનોને લોકીંગ કામગીરી કરવામાં આવેલ તેમજ રૂા.૧૯,૦૦૦/– ની રકમ દંડ પેટે વસુલવામાં આવેલ.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા પોલીસ સ્ટાફ મારફત પાર પાડવામાં આવેલ.

૧૭૩૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૨/૧૭ થી તા.૧૫/૦૨/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૦૧/૧૭ તથા તા.૧૧/૦૨/૧૭નાં રોજ **" છીંક ડે "** તથા **" કેન્સર ડે "** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૨/૦૨/૧૭ના રોજ તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમમાં રીપેરીંગની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૨/૦૨/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમના હાઉસિંગ વિભાગની ટીમ દ્વારા રીપેરીંગ કામ કરવા જોગ સર્વે કરાવ્યા બાદ હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોલનાં બારી બારણા, વેન્ટીલેશન બારી તથા બંધ પડેલ લાઈટ–પંખાઓ રીપેરીંગ કરી ચાલુ કરાવ્યા બાદ ધનીષ્ઠ સફાઈ–કામગીરી કરી એસીડ/ફીનાઈલનાં પાણી વડે ધોવરાવી જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આરોગ્યલક્ષી શિક્ષણ તથા સુકો અને ભીનો કચરાને અલગ અલગ ડસ્ટબીનમાં નાખવા માટેની સમજ આપવામાં આવી હતી.

| રીપેરીંગ થયેલ અર્બન હેલ્થ સેન્ટર, મેટરનીટી હોમની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | નિકાલકરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવા/ પાઉડર(કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| 36 | 21 | 108 | 1.427 | 298 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૭૩૮

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૨/૧૭ થી તા.૧૫/૦૨/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૦૧/૧૭ તથા તા.૧૧/૦૨/૧૭નાં રોજ " **કેન્સર ડે** " તથા " **છીંક ડે** " થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૩/૦૨/૧૭ના રોજ તમામ પ્રાઈવેટ હોસ્પિટલ, કલીનીક, સ્મીમેર, સીવીલ હોસ્પિટલ, અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાત લઈ વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૩/૦૨/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં વી.બી.ડી.સી., નાયબ આરોગ્ય અધિકારીશ્રી, એ.આઈ.ઓ.શ્રીઓના દ્વારા આરોગ્ય તેમજ V.B.D.C સ્ટાફની સંયુકત ટીમો બનાવી સીધી દેખરેખ હેઠળ હોય તેઓનાં ઝોન વિસ્તારમાં આવેલ પ્રાઈવેટ હોસ્પીટલ, કલીનીક, સ્મીમેર, સીવીલ હોસ્પીટલ, અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાત લઈ ડ્રાય ડે નિમેતે સદર સ્થળોએ આવેલ અંદર ગ્રાઉન્ડ ટાંકી તેમજ અન્ય પાત્રોમાં ભરવામાં આવેલ પાણીના પાત્રમાં મચ્છર બ્રીડીંગ શોધવા માટેની ધનિષ્ઠ ચેકીંગ હાથ ધરી મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13394 | 33843 | 91 | 7849 | 262 | 850 | 45 | 22800 | 42 | 17133 | 5785 |

વધુમા પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી તેમજ રહીશોને  સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૭૩૯

<u>સમાચાર યાદી</u>

# મેયર ઓફિસ

તા.૫–૨–૨૦૧૭ના રોજ સુરત શહેર ખાતે માન.કેન્દ્રીય રેલ્વે મંત્રી શ્રી સુરેશ પ્રભુ જુદા–જુદા કાર્યક્રમો અંગે ઉપસ્થિત રહેનાર હોવાથી, રેલ્વે સાથે સંલગ્ન સુરત મહાનગરપાલિકાના નીચે જણાવ્યા મુજબના પ્રશ્નો અંગે જરૂરી ચર્ચા વિચારણા સાથે રજુ કરવામાં આવશે.

૧. ટી.પી.સ્કીમ નં.–૪( અશ્વિનીકુમાર –નવાગામ) ૩૬.૫૮ મીટર પહોળા રસ્તા પૈકીની જમીનના કબજા બાબત.

૨. ફા.ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વિનીકુમાર–નવાગામ) ફા.પ્લોટ નં.૨૬૮ પોદાર આર્કેડથી શ્રીધર પેટ્રોલ પંપવાળા ૯ મીટર ના ટી.પી.રસ્તાને ૧૫.૦૦મીટર વાઈડીંગ કરવા નિયત કરેલ રસ્તા હેઠળ જમીનના કબજા બાબત.

૩. કતારગામ અને રાજીવનગર (વરાછા ફુલપાડાને જોડતો રેલ્વે ફલાય ઓવર બ્રીજ) બનાવવા અંગે.

૪. સહરા દરવાજા પાસે આવેલ રેલ્વે કલ્વર્ટ નં.૪૪૫ પર હયાત એમ.એસ.ગડરની જગ્યાએ પી.સી.સી.સ્લેબ બનાવવાના કામ અંગે.(ટપકતું ગંદુ પાણી બંદ કરવા )

૫. સહરા દરવાજા પાસે, આવેલ રેલ્વે કલ્વર્ટ નં.૪૪૫ રેલ્વે ફલાય ઓવર બ્રીજ બનાવવાઅંગે.

૬. ઉધના યાર્ડ ખાતે સુરત ભુસાવલ રેલ્વે લાઈન પર સાંઈ બાબા મંદિર પાસે લિંબાયત–ડીડોલી વિસ્તારને જોડતો રેલ્વે અંડર પાસ બનાવવાના કામ અંગે.

૭. સુરત શહેરમાં સમાવિષ્ટ રેલ્વેની માલિકીની જમીનમાં આવેલ ઝુપડપટ્ટીનું વાતાવરણ ખુબ જ બીન આરોગ્યપ્રત છે. સદર ઝુપડાનું સ્થળાંતર અંગે ઉચ્ચ કક્ષાએ સુવ્યવસ્થિત નિતી નકકી કરી તે અંગેના અમીલકરણ બાબતે સરકારશ્રી તરફથી જરૂરી આદેશ થવા અંગે.

૧૭૪૦

# પ્રેસનોટ સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૦૪-૦૨-૨૦૧૭ ના રોજ સવારે ૦૯.૦૦ થી ૦૫ઃ૦૦ કલાક ઉમિયામાતા મંદિર,ભાઠેના ઇન્ડ.સોસા.,૮૦ ફૂટ રોડ , નવા પુલ પાસે ,કિન્નરી સિનેમા સામે,ઉમિયામાતા રોડ ,રીંગ રોડ ,સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીત્વાલા એ આવકાર પ્રવચન આપતા જણાવ્યુ કે ગુજરાત સરકાર દ્વારા સુરત મહાનગરપાલિકા નાં હદ વિસ્તાર માં યોજાયેલ ૨૧ સેવાસેતુ કાર્યકમ થકી લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ સ્થળ ઉપર જ આપવામાં આવે છે.જેથી લાભાર્થીઓનો સમય શક્તિ નો બચાવ થાય છે

ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ એ જણાવેલ કે સરકારની લોકોને સામેથી સેવા પૂરી પાડવાની આ સેવા સેતુ નાં પહેલથી લોકોને ખુબ જ અનુંકુળતા સાથે જડપથી તેઓની રજૂઆતોનો નિકાલ થાય છે જે ખુબ જ સરાહનીય છે.

કોર્પોરેટરશ્રી અસલમભાઈ સાયકલવાલા એ જણાવેલ કે "સેવાસેતુ" કાર્યકમ થકી લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ સ્થળ ઉપર જ આપવામાં આવે જેથી લાભાર્થીઓનો સમય શક્તિ નો બચાવ થાય છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે.

કોર્પોરેટરશ્રી રસ્મિકાબેન પટેલ આભારવિધી કરતા જણાવ્યું હતુ કે સામાન્ય લોકોને જાણકારીના અભાવે વિવિધ દાખલાઓ મેળવવા મુશ્કેલ પડે છે.લોકોની સમસ્યા દુર કરવા તેમના જ વિસ્તારમાં તેમને યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માનનીય મેયર શ્રીમતી અસ્મિતા બેન પ્રફુલભાઇ શિરોયા , શ્રી શંકરલાલ ચેવલી, માં.ડે.મેયર,શ્રીમતી રમીલાબેન પટેલ, મા.અધ્યક્ષ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ શ્રી શૈલેશભાઈ રાયકા ,કોર્પોરેટરશ્રી શૈલેશભાઈ જરીવાલા ,માજી કોર્પોરેટરશ્રી ડો રવીન્દ્રભાઈ પાટીલ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ,

આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ  વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન  કુલ   ૧૯૬૬  લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.





